# મોડાસાની રત્નમ્ સોસાયટીમાં ૩ મકાનોમાં તસ્કરોનો હાથફેરો

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લામાં તસ્કરો દિવાળી તહેવારોમાં જિલ્લાને ઘમરોળી રહ્યા હોય તેમ ઠેર ઠેર ચોરી લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે બીજી બાજુ ચોરીની ઘટનાનો ભોગ બનેલા પ્રજાજનો પોલીસતંત્ર દ્વારા ચોરી લૂંટ ની ઘટનાઓ ઉકેલવામાં નિષ્ફળ રહેતા લોકો ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા છે મોડાસાના છેવાડા વિસ્તારમાં આવેલી રત્નમ સોસાયટી ચોર લૂંટારુ અને ધાડપાડુ ગેંગમાં ફેવરેઈટ હોય તેમ વારંવાર આ સોસાયટીના મકાનોમાં ત્રાટકી લાખોની ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા હોય છે.શનિવારે રાત્રી થી રવિવાર સાંજ



સુંધી ના સમયમાં ચોર ગેંગે ત્રણ મકાનોમાં ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા મોડાસાના નગરજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે બીજી બાજુ પોલીસ ચોપડે ચોરીની ઘટના હજુ સુધી ના નોંધાતા અનેક તર્ક વિતર્ક લોકોમાં ઉદ્ભવ્યા છે.

મોડાસાની રત્નમ સોસાયટીના મકાન નંબર-સી, ૯, ૧૦ અને ૧૨ નંબર ના બંગ્લોઝ માં ધાબા ઉપરથી જાળી તોડી મકાનના તાળાં તોડી મકાનોમાં રહેલા તિજારીઓ કબાટ અને અન્ય માલસામાન વેર વિખેર કરી લાખો રૂપિયાની ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જતા મકાનમાલિકો અને સોસાયટીના રહીશોમાં ભારે ફફડાટ ફેલાયો હતો ચોરીની ઘટના અંગે ૧૦૦ નંબર ને જાણ કરાતા ૧૦૦ નંબર પોલીસ વેન આવી પહોંચી હતી અને આંટો મારી જતી રહી હતી પરંતુ ત્રણ ઘરોમાં ચોરી થવા છતાં પોલીસ ચોપડે ન નોંધાતા અનેક તર્ક વિતર્કો લોકો માં થઈ રહ્યા છે.



## ડીસામાં અમિત શાહના જન્મદિન નિમિતે મહારુદ્ર યજ્ઞ યોજાયો

ડીસા ના રિજમેન્ટ ખાતે આવેલા નીલકંઠ મહાદેવ મંદિર ખાતે ભાજપના સ્થાનિક અગ્રણી અને ગુજરાત બાંધકામ શ્રમજીવી કલ્યાણ બોર્ડના ડિરેક્ટર શશીકાંત પંડ્યાની આગેવાની હેઠળ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના ૫૪માં જન્મ દિન નિમિત્તે તેમના દીર્ઘાયુ તેમજ તેમના પરિવારના સુસ્વસ્થય અને પાર્ટીની પ્રગતિ માટે મહારુદ્ર યજ્ઞ,મહામૃત્યુંજય મંત્રના ૧૦૮ જાપ અને ૫૪ દીવાની આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે નિકોલના ધારાસભ્ય અને અમદાવાદ શહેર ભાજપના અધ્યક્ષ જગદીશભાઈ પંચાલ, બનાસકાંઠા જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ મગનલાલ માળી, પૂર્વ જિલ્લા પ્રમુખ મહેશભાઈ દવે, શાંતુભા વાઘેલા, રમેશભાઈ સ્વાતિ સહિત રિજમેન્ટ વિસ્તારના રહીશોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અમિતભાઈ શાહના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી હતી.

## ખેડબ્રહ્મામાં મહિલા યાત્રાળુનાં પાકીટમાંથી બે લાખની ઉઠાંતરી

ખેડબ્રહ્મા, તા.૨૪

ખેડબ્રહ્મા શહેર અંબીકામાતાજી મંદિરમાં મહીલા યાત્રાળુના પાકીટમાંથી ૨૧૦૦૦ના દાગીના + ૭૦૦૦ રોકડ કુલ ૨૧૭૦૦૦ની ચોરી થઈ. ખેડબ્રહ્મા અંબીકા માતાજી મંદિરમાં દર્શન કરવા ઉભેલા ભીડનો લાભ લઈ દર્શન કરવા આવેલી મહીલા સ્વપ્રાલી બેન. રહે ગોઢ બંદર કાવેસર રોડ થાણે મુંબઈ મહારાષ્ટ ખેડબ્રમા મંદિરમાં દર્શન કરવા માટે લાઈન ઉભા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા ઈસમો દ્વારા પાકીટમાંથી ત્રણ તોલાસોનાનુ મંગળસૂત્ર તેમજ નાના મોટા હાર ચાર તોલાના મળી કુલ કિંમત ૨,૧૦,૦૦૦ અને ૭,૦૦૦ રોકડા મળી કુલ ૨,૧૭,૦૦૦ની ચોરીની ફરીયાદ નોંધાવી હતી.

## ધંધૂકાના રોજમદાર સફાઈ કામદારોની હડતાલ સમેટાઈ

ધંધુકા, તા. ૨૪

છેલ્લા ૨૦ દિવસથી ધંધુકા નગરપાલિકાના રોજમદાર સફાઈ કામદારો હડતાલ ઉપર હતા. પરંતુ હડતાલ બીન શરતી રીતે પાછી ખેંચી કામે લાગી ગયા છે. કોન્ટ્રાક્ટર આપીને સફાઈકામ ચાલુ થતા હડતાલીયા કામદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ધારાસભ્ય લાલજીભાઈ મેરની દરમાયાન-ગીરીથી હડતાલ સમેટાઈ હતી.

# ખેડબ્રહ્મા તાલુકાના મટોડામાં આવેલ સરકારી દવાખાના આગળ ગંદકીના થર જામ્યા



ખેડબ્રહ્મા, તા. ૨૪

એકબાજુ સરકાર દ્વારા સ્વચ્છતા માટે મહત્વની જાહેરાત કરી રહી છે. સ્વચ્છતા માટે કરોડો રૂપિયા ખર્ચ થાય છે. ખેડબ્રહ્મા તાલુકાના મોટાડા ગામે આવેલી પ્રાથમિક સારવાર આરોગ્ય કેન્દ્ર પાસે ગંદકીના થર જામ્યા છે. આજુબાજુ પર ગંદકી અને ઉકરડા આવેલા છે. દવાખાને સારવાર અર્થે આવતા દર્દીઓને નાક-મોં બંધ કરી આવવુ પડે છે. ઘણા ખરા દર્દીઓ સાથે આવાનારા સગાસંબંધી ગંદા પાણીમાં પડવાના બનાવ બન્યા છે. તંત્ર દ્વારા આ બાબતે ગ્રામ પંચાયતમાં રજુઆતો કરી છે. છતાં તલાટી દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા આ અંગે નગરજનોમાં રોષની લાગણી વ્યાપી છે.

આ બાબતે ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળની તપાસ કરી સફાઈ કરાવે તેવી માંગ ઉઠી છે. નગરજનો કહી રહ્યા છે કે અહીંયા રાત્રે આવવું જોખમ સ્વરૂપ લાગે છે.

તલાટી કમ મંત્રીને પોતાના વહીવટ સીવાય કસામાં રસ નથી તેવુ નગરજનોએ જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મામાં બસની ટક્કરે યુવકનુ મોત

ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્મા શહેરના હરણાવ નદીના પુલ ઉપર એસ.ટી. ચાલકે મોટરસાયકલ સવારને ટક્કર મારતાં સારવાર દરમિયાન મોત નીપજેલ હતુ.

વિજયનગર તાલુકાના જીવાજી ઉર્ફે દિનેશભાઈ રબારી (ઉ.વ.૧૮) મોટરસાયકલ લઈને ખેડબ્રહ્માંથી વિજયનગર તરફ જતા હતા ત્યારે એસ.ટી. બસના ચાલકે બસ પુરઝડપે અને ગફલતભરી હંકારતા બાઈકને ટક્કર વાગેલ હતી. ચાલકના શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન મોત નીપજતાં ચાલકના સગાવાળાને જીવાજીના મામા વિરાજી હુંજાજી રબારી અભાપુર વાળાઓએ એસ.ટી. ચાલક વિરૂદ્ધ ફરીયાદ નોધાવી હતી.

# શામળાજી ખાતે શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજનો ૨૪મો મિલન સમારંભ યોજાયો

મોડાસા, તા.૨૪

અરવલ્લી જિલ્લાનાં યાત્રાધામ શામળાજી ખાતે શ્રી વિશ્વકર્મા પંચાલ સમાજનો ૨૪મો નુતન વર્ષ મિલન સમારંભ કારછા નિવાસી ધુળાભાઈ રેવાભાઈ પંચાલના અધયક્ષ સ્થાને અગ્રણીઓ, મહિલાઓ નુતન વર્ષ મિલન સમારંભ માં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય મહંત શ્રી ના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ સ્વાગત પ્રવચન સમાજના પ્રમુખ કિશોરભાઈ ભાગ લે તે વિશે હસમુખભાઈ એ વિગત વાર માહિતિ આપી હતી તેમજ ઈસરી બારા સમાજ તરફથી બનાવેલ પ્રવેશદ્વારનું રીબીન કાપી બંન્ને સંત શ્રી એ ઉદઘાટન કર્યુ હતું તેમજ અરવલ્લી જિલ્લાનાં બક્ષી પંચ સેલના ઉપપ્રમુખ




યોજાઈ ગયો આ પ્રસંગે પરમાર્થ નિકેતન આશ્રમ વિરપુર-પાલનપુર ના સંત શ્રી અમરદાસ બાપુ ( વિશ્વકર્માચારય ) તથા દેવરાજ ધામ બાજકોટના પ. પુ. મહંત શ્રી ગોસ્વામી ધનેશ્રવરગીરી બાવજી તથા અડા આઠમ પંચાલ ગોળના પ્રમુખ, મંત્રી, ભોજન દાતા અડપોદરા (હાલ અમદાવાદ) ના સ્વ. જયોતિકાબેન કોદરભાઈ પંચાલ ના સુપુત્ર પ્રવિણભાઈ પંચાલ તથા કાન્તીભાઈ આર પંચાલ (બેન્કર) સમાજના દ્વારા કરવામાં આવ્યુ હતુ તેમજ ફુલ હાર શાલથી સૌ મહાનુભાવોનુ સ્વાગત કરવામાં આવ્યું આ પ્રસંગે ભરત નાટયમ દીયાબેન અતુલભાઈ પંચાલ (તરકવાડા) અને બેટી બચાવો બેટી વધાવો વિશે દર્શનાબેન નરેન્દ્રભાઈ પંચાલ (વરથુ) એ વકતવ્ય રજુ કર્યુ હતું જેને સ્નેહ મિલન સમારંભ માં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા દરેક લોકો એ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી વધાવી લીધું હતું તેમજ કલ્યાણ નિધી યોજના અંતર્ગત વિશે વધારે સભ્યો તરીકે કિશોરભાઈ બી પંચાલ નું સંત શ્રીના હસ્તે ફુલ હાર - શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સૌ સ્નેહ મિલન સમારંભમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો એ સંસ્થા ની પ્રગતિ માટે સાથ સહકાર આપવાની ખાતરી આપી હતી. ધોરણ ૧ થી ૧૨ વિજ્ઞાન ઈજનેરી ડોકટરી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનુ સંચાલન રમેશભાઈ મહેન્દ્ર ભાઈએ કર્યુ હતું. આભાર વિધિ વસંતભાઈ પંચાલ ધ્વારા કરવામાં આવી હતી.

## ધંધુકામાં પાંચ વર્ષથી અટવાતી પાણી પુરવઠા યોજના

ધંધુકા, તા. ૨૪

ધંધુકા શહેરની ૪૦ હજારથી વસ્તીને પીવાના પાણી માટે રૂ. ૪૦ કરોડની યોજના પાણી પુરવઠા તરફથી છેલ્લાથી પાંચ વર્ષથી અટવાઈ ગયેલ છે. જેના કારણે શહેરીજનોમાં ચોખ્ખુ પાણી મળતુ નથી. ચોખ્ખા પાણીનો ફીલ્ટરવાળો સંપ બનાવવાનો મહત્વાકાંક્ષી યોજના મંજૂર થયેલ છે અને ૩૫ ટકા જેટલુ કામ પણ થયેલ છે. પરંતુ પાણી પુરવઠા બોર્ડના ઈજનેરોએ અગમ્ય કારણોસર આ કામ વિલંબમાં નાખેલ છે. પરિણામે શહેરીજનોને ૧૫ દિવસથી પાણી વિના ટળવળે છે. તહેવારોમાં પાણી વિના લોકોમાં ભારે રોષ પ્રવર્તતી રહ્યો છે.

# પ્રાંતિજના સાંપડ ખાતે લાલવાળા ભાઈઓનું સ્નેહમિલન સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે આવેલ સુપ્રસિદ્ધ મહાકાલી માતાજીના લાલવાળા કુટુંબના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં પરિવાર સાથે ઉપસ્થિત રહ્યાં હતા અને એકબીજાને નવા વર્ષની શુભકામના શુભેચ્છાઓ નવાં વર્ષમાં ધાર્મિક સ્થળે ભેગા થઈ આનંદ વ્યક્ત કર્યો હતો. જયારે આ પ્રસંગે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનાં માજી પ્રમુખ



મંદિરના વિશાળ હોલમાં રાવલ સમાજના મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામે રહેતાં લાલવાળા ભાઈઓનું દ્વિતિય સ્નેહ મિલન સમારંભ યોજાયો.

પ્રાંતિજના સાંપડ ખાતે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામે રહેતાં રાવલ સમાજના લાલવાળા ભાઈઓનું સ્નેહ મિલન સમારંભ મંદિરના વિશાળ હોલમાં યોજાયો હતો જેમાં રાવલ સમાજના પાઠવી હતી જયારે કુટુંબના ૪૦ ઘરોમાથી અત્યારે ૧૨૧ ઘરોનું કુટુંબ થઈ ગયું છે. જયારે આ પ્રસંગે કુટુંબના વયોવુધ્ધોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તો કુટુંબમાં વિશિષ્ટ પદવી ધરાવતાં ભાઈઓનું લાભશંકર રાવલ હાલ સુરત નિવાસી દ્વારા શિલ્ડ આપીને સન્માન કરવામાં આવ્યું હતું જયારે આવતાં પાંચ વર્ષ સુધી સ્નેહ મિલન સમારંભના દાંતાઓના નામ પણ જાહેર કરવામાં આવ્યાં હતાં અને નારાયણભાઈ રાવલ, લાભશંકરભાઈ રાવલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમગ્ર કાર્યક્રમના દાંતા રતિશંકરદાસ ત્રિભુવનદાસ રાવલ પરિવાર દ્વારા યોજાયું હતું જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુટુંબના યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું તો સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિપકભાઈ રાવલ, કૌશિકભાઈ રાવલ, નિતિનભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ધંધુકા તાલુકામાં ૮ કરોડના વિકાસ કામોનું ખાતમૂહર્ત

ધંધુકા, તા. ૨૪

ધંધુકા ખાતેના રાયતુવાળા મેલડીમાતાજીના, શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૮ કરોડ ૫૦ લાખના વિકાસ કામોનું ખાત મુર્હત ધારાસભ્ય લાલજીભાઈ મેર દ્વારા કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય લાલજીભાઈ મેરે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૫૦૦ કરોડના વિવિધ વિકાસ કામો કરવામાં આવ્યો છે. રસ્તાઓ, સીસીરોડ, પેવરબ્લોક, પીવાના પાણીને લગતી પાઈપલાઈનોનો સમાવેશ થાય છે. ધંધુકા તાલુકાનું ત્રણ કરોડનું ખાતમુર્હત કરવામાં આવેલ છે. ધંધુકા-બગોદરા ધોરીમાર્ગને મેલડીમાના સુધીનો રસ્તો જોડાશે. આ સાથે બે કરોડના પુલનું કામ બનશે. જેથી લોકોને મેલડી માતાએ જવાની સરળતા થશે. ધંધુકામાં ૨૩ કરોડના કામો પ્રગતિમાં છે. મામલતદાર પરમાર, ધોલેરા મામલતદાર ભગોરા, પ્રમુખ ધીરૂભાઈ રાસમીયા, ચેરમેન, ભદ્દુભાઈ અગ્રવાત ભાજપના પદાધિકારીઓ, મંદિરના ટ્રસ્ટીઓ નારણભાઈ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના કતપુર પાસેથી વિદેશી દારૂ ભરેલ કાર પકડાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર નજીક પોલિસ ચૅકિંગ દરમ્યાન એક કારમાંથી ૨,૭૦,૦૦૦ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલિસે અજાણ્યા કારચાલક તથા અન્ય એક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર નજીક પોલિસ પેટ્રોલીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી કાર મહેન્દ્ર એકસયુબી ગાડી નંબર- GJ01KQ6715 નો ચાલક



કારમાં ખુલ્લી બોટલો નંગ- ૯૦૦ ભરીને આવતો હતો તે દરમ્યાન કતપુર પાસે પ્રાંતિજ પોલિસ મોહનસિંહ, દિપકસિંહ, વિક્રમસિંહ, મદનસિંહ તથા તેમની ટીમ દ્વારા ગાડીઓની ચેકિંગ હાથ ધરી હતી તે સમયે વગર પાસ પરમીટ પર પ્રાંતનો ઈગ્લીશ દારૂની બોટલો ખુલ્લી ભરીને અમદાવાદ તરફ જતો હતો તે દરમ્યાન પોલિસ ને જોઈ જતા કાર ચાલક તથા કારમાં સવાર અન્ય એક વ્યક્તિ કાર મુકીને ભાગી ગયાં હતાં.

## હેલ્લો ફ્રેન્ડસ! ● ૪ પાનાનું ચાલુ...

હોય ઑન-ઓફની એવી મોબાઈલમાં પણ... એ જાતે તો ચાલતો નથી જ હોતો, ચાલુ કરીએ - વાપરીએ તો જ... એમાં એનો શું વાંક કાઢવાનો ?

ઢગલાબંધ વોટ્સએપ ગ્રુપ્સ... અઢળક વીડિયો - ફોટો - મેસેજ...

માણસ જુએ - સાંભળે - વાંચે - ખોલે પણ કેટલું ? માણવા, પચાવવાની તો વાત જ કયાંથી કરવી ? માહિતીના ઢગલા... મેસેજ ડિલિટ કરવામાં કલાકો ખર્ચાય ! લાઈકના ઢગલા મેળવીને રાજી થવાનું !!? માંહ્યલો રાજીપો કયાં ? કોઈનાં બે શબ્દ - ચાર અક્ષર સીધા સ્પર્શે, અંદર ઊતરે... એવા મિત્રોની યાદ કરીએ તો ! બધું જ સારું છે, કશું યે ખોટું નથી... છતાં કંઈક ખૂટે તો છે જ. સમયનાં રણમાં પગલાં ખૂપતાં જાય છે... અફાટ રણ છે... દિશાઓ બધી યે ધૂંધળી. આપણી પોતીકી દીશા તરફ ડગ માંગવાનાં છે, પણ ખૂંપેલા બહાર નીકળે તો, ત્યારે... ઊંટોનો કાફલો રણની કેડીઓ ઉકેલી રહ્યો છે. મને પરમ તત્ત્વમાં શ્રદ્ધા છે, નિયતિ જેવું હોય છે - એવું થાય, એ બહાને આળસ ને જગ્યા આપી શકાય. પણ, આ જ ખરો સમય છે, આ જ પળમાં જીવવાનું છે...

વ્યસ્તતાઓને બહાને છટકી ન શકાય.

આપણે સહુ એ રસ્તે ગતિમાન થઈએ, જે આપણો પોતાનો હોય, ચાહેલો હોય, અજવાળાની દિશામાં દોરી જતો હોય. લ્યો ત્યારે... નવાં વર્ષે જ કંઈક અષ્ટમષષ્ટમ્ મનમાં ઊગ્યું તે સાલ મુબારકના વ્હાલ સાથે....

સુપ્રસિદ્ધ કવિ તુષાર શુક્લની આવી જ એક કવિતા પણ ખૂબ વાયરલ થઈ છે,

કોઈ ના આવ્યું ઘરે, ના કોઈને મળવા ગયાં,
ટેબલે કાજૂ-બદામો જેમના તેમ જ રહ્યા.

સ્માર્ટ ફોનના આવિષ્કારે કેલેન્ડર, દિવાળીકાર્ડ અને શુભેચ્છા ફોનનો રીતસર દાટ વાળ્યો છે. પચીસ પૈસાના પોસ્ટકાર્ડમાં આપણા બાપ-દાદાના હૃદયનો જે ઉમળકો ઉભરાયો હતો, એ આજે પચાસ હજારના મોબાઈલમાં આવેલા મેસેજમાં કયાંક નથી સ્પર્શતો !

દીવાનાં અસંખ્ય ચિત્રો આવ્યા છે, એમાંય એક કટાક્ષ બહુ જોરદાર છે કે, 'મોબાઈલમાં એટલા દીવા આવ્યા છે કે એનાં ચાર્જરના પોઈન્ટમાંથી તેલ ટપકવાનું ચાલુ થયું છે.' અયોધ્યામાં રોશની કરવાં બે લાખ દીવા પ્રગટાવવામાં આવ્યાં, એ ભય રોશનીની તસવીર સાથે સવારે એ જ દીવડામાંથી બે ટંકની રસોઈ માટે તેલની બરણી ભરતી સ્ત્રીનો ફોટો જોઈ દીલ દ્રવી ઊઠે છે... એવો જ દીવાની વ્યથા દર્શાવતો હિન્દી મેસેજ પર જોરદાર છે.

'જરા તમીજ સે બટોરના, બુઝે દિયોં કો દોસ્તો ! ઈન્હોને કલ અમાવસ કી અંધેરી રાત મેં હમેં રોશની દી થી... કિસી ઔર કો જલાકર ખુશ હોના અલગ બાત હૈ, ઈન્હો ને તો ખુદ કો જલાકર હમેં ખુશી દી થી...'

હવેની દિવાળીમાં મહેમાન ઓછાં ને મેસેજ વધારે આવે છે, અને લોકો હજી એમ સમજે છે કે મોબાઈલ આપણને નજીક લાવે છે... આજે પણ લાભ પાંચમ છે, પાંચેક ઘરે જઈને એનાં ડ્રોઈંગરૂમના સોફાને શોભાવી ટીપોય પરના નાસ્તાને આરોગી મહેમાનગતિનું મ્હેણું ભાંગવાનું શ્રેષ્ઠ મુર્હૂત છે..... સંસ્કાર અને સંસ્કૃતિ જાળવવાની જવાબદારી સૌની છે, બાકી આવનારા દિવસોમાં દિવાળી માત્ર મોબાઈલ પર જ ઉજવાતી થઈ જશે!

ચૂંટલો :

રોશની માટેની સિરીઝ ઉતારતી વખતે, ઓલવાઈ ગયેલા દીવા ભેગા કરી વખતે, રંગોળી પરથી સાવરણી ફેરવતી વખતે, નાસ્તાના ડબ્બામાંથી ભૂકો ભેગો કરતી વખતે, ફટાકડાંનો કચરો વીણતી વખતે, દિવાળી અંકમાં વાર્તા વાંચતી વખતે, વોટ્સએપના શુભેચ્છા મેસેજ ડિલીટ કરતી વખતે, બેગ ભરીને ફરી સાસરે જતી દીકરીને જતી જોઈ આંખ લૂંછતી માને જોતી વખતે અને કાલથી પાછું નોકરી- ધંધે લાગવાનું છે એવું વિચારતી વખતે 'દિવાળી એટલે શું?' એ સમજાય છે!

# અરવલ્લીના વિકાસકામો માટે અમિત શાહે ૫.૧૨ કરોડની ગ્રાન્ટ ફાળવી

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા-શહેરોને આવરી લઈને વિકાસ માટે રૂ. ૫.૧૨ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. જેમાં ૨૬૮ ગામોમાં પ્રાથમિક સુવિધાને લગતાં વિકાસકામો માટે રૂ. ૩.૩૦ કરોડ જયારે અન્ય ઐતિહાસિક તેમજ પર્યટન સ્થળોના વિકાસ માટે રૂ. ૧.૩૨ કરોડ અને જિલ્લાના પાંચ મોટા ગામોમાં રૂ. દસ લાખની એક એવી પાંચ શબવાહિની માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટની રકમનો સમાવેશ થાય છે.

જિલ્લા ભાજપ કાર્યાલય, મોડાસા ખાતે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ ભાજપ મંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામીએ જણાવ્યું કે રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય અમિત શાહે પોતાને મળનારી સાંસદની ગ્રાન્ટ માટે અરવલ્લી જિલ્લા ઉપર પસંદગી ઉતારી છે અને એમણે પ્રથમ વર્ષની રૂ. ૫.૧૨ કરોડની ગ્રાન્ટ જિલ્લાના વિકાસ કામો માટે ફાળવી છે.

જેમાં રૂપિયા ૩.૩૦ કરોડ જિલ્લાના ૬ તાલુકાઓમાં પ્રાથમિક જરૂરિયાત પ્રમાણે ફાળવવામાં આવ્યા છે. જેમાં સીસી રોડ, સ્મશાન ગૃહો, ગરનાળા, સંરક્ષણ દીવાલો, પ્રોટેક્શન દીવાલો, ગટર લાઈનનાં કામ, ઓડિટોરિયમ હોલ, સ્નાન ઘાટ, હવાડાના કામ, શાળા કમ્પાઉન્ડ જેવા પ્રાથમિક જરૂરિયાતોને કામોનો સમાવેશ થાય છે.

દરેક તાલુકાવાર ગ્રાન્ટની આ મુજબ ફાળવણી કરાઈ છે.જેમાં મોડાસા તાલુકમાં ૨૪ કામો માટે રૂ. ૬૮ લાખ જ્યારે ભિલોડા તાલુકામાં ૩૬ કામો માટે રૂ. ૫૭ લાખ, બાયડ તાલુકામાં ૪૩ કામો માટે ૫૫ લાખ, માલપુર અને મેઘરજ બન્ને તાલુકાઓમાં અનુક્રમે ૫૯ કામો માટે ૫૦ લાખ અને ૨૭ કામો માટે રૂ. ૫૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

આ ઉપરાંત મોડાસાના મહાદેવગ્રામ ખાતે ગાંધી સ્મારક રાજઘાટના વિકાસ માટે રૂ. ૫૫ લાખની ફાળવણી કરવામાં આવી છે જ્યારે બાયડના ઝાંઝરી પર્યટક સ્થળના વિકાસ માટે રૂ. ૩૭ લાખ, શામળાજીમાં મેશ્વોમાં નાગધરામાં પિતૃ તર્પણ તીર્થ વિકસાવવા રૂ. ૪૦ લાખની માતબર રકમ ફાળવવામાં આવી છે.

## મીરાદાતાર ખાતે દિપાવલી પર્વે પરંપરાગત મેળો યોજાયો

ઊંઝા, તા. ૨૪

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ દિપાવલીના તહેવારો દરમિયાન મીરાંદાતારનો પરંપરાગતરીતે મેળો યોજાયો હતો. આ મેળામાં પોલીસના યોગ્ય બંદોબસ્તના અભાવે સંદલની રાત્રે દરગાહમાં કેટલાક બહારના યાત્રિકોના ખિસ્સા હળવા થયાની બૂમરામણ ઉઠી હતી. આ ઉપરાંત મેળા દરમિયાન ટ્રાફિકનું નિયમન કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં દરગાહ વિસ્તાર, બસસ્ટેન્ડ, મામુસાહેબની દરગાહ પાસે ટ્રાફિક જામતા દશ્યો સર્જાતા ટ્રાફિકની વિકટ સમસ્યા પેદા થઈ હતી. ટ્રાફિકનું નિયમન કરવામાં પોલીસની સૂચક ગેરહાજરી જોવા મળી હતી.

બીજુ મેળા દરમિયાન એસ.ટી. બસો ગામમાંથી પસાર થવાના બદલે બાયપાસ હાઈવે પરથી પસાર થતાં સ્થાનિક ગ્રામજનો અને બહારના યાત્રિકોને પારાવાર હાલાકી ભોગવવી પડી હતી.